હોટમીક્ષ પ્લાન્ટ પર SCADA
સિસ્ટમનાં અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંક: એમસીએન/૧૦૨૦૧૫/૨૦/હ
૧૪/૪, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯/૦૨/૨૦૨૧

સંદર્ભ:- (૧) મા.મ.વિ.નો પત્ર ક્રમાંક: એમસીએન/૧૦૨૦૧૫/૨૦/હ તા.૨૧/૦૯/૨૦૨૦

આમુખ:

ગુજરાત રાજ્ય માં આશરે ૬૦૦ હોટમીક્ષ/બેચમીક્ષ પ્લાન્ટ પ્રસ્થાપિત કરેલ છે. આ પ્લાન્ટ દ્વારા વિભાગ હસ્તકનાં વિવિધ પ્રકારના માર્ગો પર ડામર કામની કામગીરી કરાવવામાં આવે છે. ઉપરોક્ત પ્લાન્ટ પર થયેલ કામગીરીની વિગતો ઓનલાઇન ત્વરિત ઉપલબ્ધ થાય, ઉપલબ્ધ વિગતોને આધારે કામગીરીનું પૃથક્કરણ થઈ શકે, થયેલ કામગીરીની ગુણવત્તાનું મોનીટરીંગ થાય અને નવા કામો માટેનું આયોજન થઇ શકે તેમજ સ્થળ પર મુલાકાત લીધા સિવાય તમામ વિગતો કચેરીમાં ઉપલબ્ધ થાય તે પ્રકારની વ્યવસ્થા માટે Supervisory Control and Data Acquisition (SCADA) System લગાવવા જણાવવામાં આવેલ. સદર SCADA સિસ્ટમનાં અમલીકરણ બાબતે સંદર્ભિત પત્રથી સૂચનાઓ આપેલ છે. આ બાબતે પુખ્ત વિચારણાનાં અંતે નીચે મુજબ પરિપત્ર કરવામાં આવે છે.

પરિપત્ર:

તા: ૦૧/૦૪/૨૦૨૧ થી પ્રગતિ હેઠળનાં કામોના જે પ્લાન્ટ પર SCADA ચાલુ હોય અને તેની વિગતો WORK MONITORING SYSTEM (WMS) પર આવે તો જ અને તે જથ્થા મુજબનું ચુકવણૂં કરવાનું રહેશે. આ અંગેની જરૂરી ચકાસણી સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા કે તેમના દ્વારા અધિકૃત અધિકારી દ્વારા કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં SCADA ચાલુ ન હોવાના કારણે કામમાં વિલંબ થશે તો તે અંગે કોઇ સમયમર્યાદા મળવાપાત્ર રહેશે નહી. આ અંગે હવે પછી મંજૂર થનાર DTPમાં જરૂરી વિગતો /શરતોનો ઉલ્લેખ કરવાનો રહેશે.

( એ.બી.નગાણી )
ખાસ ફરજ પરના અધિકારી (યં.ઓ.)
માર્ગ અને મકાન વિભાગ